# Based on astronomical & geographical details
# (Vachanamrut)
## (ખગોળ-ભૂગોળના વચનામૃત ઉપરથી)

The happiness of enjoyment of five senses, and tenure of life of semi gods is more than that of human beings, but there are no means for getting the final salvation. It is available only in human life in **Bharat Khand**. Salvation is not possible in any other life and in any other place. That is why it is more worthy to be born as a human being in **Bharat Khand**.


The following slides explain the importance of valuable human life/ satsang as well as the structure of each universe and four types of dissolution.

# મનુષ્ય જન્મની દુર્લભતા

આ બ્રહ્માંડને વિષે ચૌદ લોક રહયા છે. તે ચૌદ લોકની વિગતઃ-


| અ.નં. | દરેક લોકના નામ | દરેક લોકમાં કોણ કોણ રહે |
|---|---|---|
| ૧ | સત્યલોક | બ્રહ્માજી રહે છે. |
| ૨ | તપલોક | ભૃગુ આદિક ઋષિઓ રહે છે. |
| ૩ | જનલોક | |
| ૪ | મહરલોક | આર્યમાદિ પિત્રિલોક રહે છે. |
| ૫ | સ્વર્ગલોક | ઈન્દ્રાદિક દેવ રહે છે. |
| ૬ | ભૂવર્લોક | મલિન દેવ રહે છે. |
| ૭ | મૃત્યુલોક (પૃથ્વીલોક) | મનુષ્ય, પ્રાણીઓ, પક્ષીઓ રહે છે. |
| ૮ | અતલ | આ ત્રણે લોકમાં દૈત્યો રહે છે. |
| ૯ | વિતલ | |
| ૧૦ | સુતલ | |
| ૧૧ | તળાતળ | આ ત્રણે લોકમાં નિશાચર રહે છે. |
| ૧૨ | મહાતળ | |
| ૧૩ | રસાતળ | |
| ૧૪ | પાતાળ | સર્પ રહે છે. |

અ.નં. ૭ માં બતાવેલ મૃત્યુલોક કે જમાં આપણે સર્વે રહ્યા છીએ તે સર્વથી શ્રેષ્ઠ છે. તેના સાત દ્વીપ(વિભાગ)(બેટ) છે. તે ચક્રાકારે છે.


માયા(પ્રકૃતિપુરુષ)થી અપાર અનંત અક્ષરધામ
પ્રધાનપુરુષથી દસ ગણી માયા
અહંકારથી દસ ગણો પ્રધાનપુરુષ
આકાશથી દસ ગણો અહંકાર
વાયુથી દસ ગણો આકાશ
તેજથી દસ ગણો વાયુ
જળથી દસ ગણુ તેજ
પૃથ્વીથી દસ ગણુ જળ
ચૌદ લોકનું બ્રહ્માંડ પૃથ્વી
૧. સત્યલોક
૨. તપલોક
૩. જનલોક
૪. મહરલોક
૫. સ્વર્ગલોક
૬. ભૂવર્લોક
મૃત્યુલોક
૭. પૃથ્વીલોક
ભૂલોક
૮. અતલ
૯. વિતલ
૧૦. સુતલ
૧૧. તળાતળ
૧૨. મહાતળ
૧૩. રસાતળ
૧૪. પાતાળ

# મૃત્યુલોક (પૃથ્વીલોક) ના સાત દ્વીપની વિગતઃ-

| અ.નં. | દ્વીપનું નામ | વિગત |
| --- | --- | --- |
| ૧ | જંબુદ્વીપ | ફરતો ખારો સમુદ્ર એક લાખ યોજનનો છે. |
| ૨ | પ્લક્ષદ્વીપ | ફરતો સમુદ્ર બે લાખ યોજનનો છે.<br>ઈક્ષુ, શેરડીના રસનો છે. |
| ૩ | શાલ્મલિદ્વીપ | ફરતો સમુદ્ર ચાર લાખ યોજનનો છે. દારૂના જેવો છે. |
| ૪ | કુશદ્વીપ | ફરતો સમુદ્ર આઠ લાખ યોજનનો છે.<br>ઘી-ઘૃત સમાન છે. |
| ૫ | કૌંચદ્વીપ | ફરતો સમુદ્ર સોળ લાખ યોજનનો છે.<br>ક્ષિર-દૂધ સમાન છે. |
| ૬ | શાકદ્વીપ | ફરતો સમુદ્ર બત્રીસ લાખ યોજનનો છે.<br>દધિના-ધોળવા જેવુ જળ છે. |
| ૭ | પુષ્કરદ્વીપ | ફરતો સમુદ્ર ચોસઠ લાખ યોજનનો છે.<br>સુધા-મીઠુ અમૃત જેવુ જળ છે. |



૧. જંબુદ્વીપ
ફરતો ખારો સમુદ્ર
એક લાખ યોજનનો
૨. પ્લક્ષદ્વીપ
ફરતો સમુદ્ર બે લાખ યોજનનો ઇક્ષુ શેરડીના રસનો
૩. શાલ્મલિદ્વીપ
ફરતો સમુદ્ર ચાર લાખ યોજનનો દારૂના જેવો
૪. કુશદ્વીપ
ફરતો સમુદ્ર આઠ લાખ યોજનનો ઘી-ઘૃત સમાન
૫. કૌચદ્વીપ
ફરતો સમુદ્ર સોળ લાખ યોજનનો ક્ષિર-દૂધ સમાન
૬. શાકદ્વીપ
ફરતો સમુદ્ર બત્રીસ લાખ યોજનનો દહિના-ઘોળવા જેવું જળ
૭. પુષ્કરદ્વીપ
ફરતો સમુદ્ર ચોસઠ લાખ યોજનનો સુધા-મીઠું અમૃત જેવું જળ

મૃત્યુલોક (પૃથ્વીલોક) ને વિષે રહેલા આ સાત દ્વીપમાં જંબુદ્વીપ તે શ્રેષ્ઠ છે. અને તે જંબુદ્વીપ ને વિષે નવ ખંડ રહ્યા છે તેની વિગતઃ-

| અ.નં. | મેરુ પર્વતની | ખંડનું નામ | ખંડમાં ક્યા દેવ? | દેવના મુખ્ય ભક્ત |
|---|---|---|---|---|
| ૧ | તળેટીના ચોતરફ | ઈલાવર્તે | સંકર્ષણ | શિવજી |
| ૨ | પશ્ચિમમાં | કેતુમાલ યાને શુભગ | પ્રદ્યુમ્ન | લક્ષ્મીજી |
| ૩ | ઉત્તરે-૧ | રમ્યક | મત્સ્ય | સાવર્ણિમનુ |
| ૪ | ઉત્તરે-૨ | હિરણ્યમય | કૂર્મ | આર્યમા |
| ૫ | ઉત્તરે-૩ | કુરુખંડ | વરાહ | પૃથ્વી |
| ૬ | પૂર્વમાં | ભદ્રાશ્વ | હયગ્રીવ | ભદ્રશ્વા |
| ૭ | દક્ષિણે-૧ | હરિવર્ષ | નૃસિંહજી | પ્રહલાદજી |
| ૮ | દક્ષિણે-૨ | કિંપુરુષ | રામલક્ષ્મણજી | હનુમાનજી |
| ૯ | દક્ષિણે-૩ | ભરતખંડ | નરનારાયણદેવ | નારદજી |

# જંબુદ્વીપ અને તેની રચના

જંબુદ્વીપ એક લાખ યોજનનો છે અને તેની ફરતે એક લાખ યોજનનો ખારો સમુદ્ર છે.




www.swaminarayan.nu

આવા જંબુદ્વીપને વિશે નવખંડ છે. તેમને વિશે ભારતખંડ છે તે સર્વશ્રેષ્ઠ છે. આઠ ખંડમાં ભોગવિલાસના સુખ તો ઘણાં છે, પણ મોક્ષનું સાધન નથી. જ્યારે ભારતખંડને વિશે મોક્ષનું સાધન છે.

આ ભારતખંડને વિશે અનાર્ય કહેતાં કઠીન દેશ ૧૩ (તેર) છે. તેની વિગત :

૧. બંગાળ ૨. નેપાળ ૩. ભૂત (ભૂતાન) ૪. કામાક્ષી (અસામ) ૫. સિંધ ૬. કાબુલ ૭. લાહોર
૮. મુલતાન ૯. ઈરાન ૧૦. અસતંબોલ ૧૧. અરબસ્તાન ૧૨. સ્વાલ ૧૩. પિલપિલામ (ફીલ્લીપાઈન્સ)

સાડા બાર દેશ આર્ય કહેતાં ઉત્તમ છે. તેની વિગત :

૧. પૂર્વ ૨. વ્રજ ૩. માલવ ૪. મારુ ૫. પંજાબ ૬. ગુજરાત ૭. દક્ષિણ ૮. મલબાર
૯. તૈલંગ ૧૦. દ્રવિડ ૧૧. બારમલાર ૧૨. સોરઠ ૧૩. અડધો કચ્છ

આ સાડા બાર દેશમાં જે જીવ મનુષ્ય દેહ પામે છે, તેમને ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સમજાય એમ છે. અને મોક્ષના માર્ગને જાણે એમ છે. આ દેશમાં ભગવાનના અવતાર ઘણાંક થાય છે. અને મનુષ્ય બ્રહ્મવેત્તા સંતને ઓળખી તેમનાં વચનમાં રહી ભગવાનનું ભજન કરે તો તેનો મોક્ષ થાય છે. ફરીને આવો મોક્ષ ક્ષેત્રમાં મનુષ્યનો દેહ મળવો તેનો વિલંબ ઘણો છે.

## ચાર યુગની ચોકડી કહી છે તેની વિગત :

| યુગ | વર્ષ | |
|---|---|---|
| સત્યયુગના | ૧૭,૨૮,૦૦૦ | સત્તરલાખ અઠ્ઠાવીસ હજાર |
| ત્રેતાયુગના | ૧૨,૯૬,૦૦૦ | બારલાખ છન્નુ હજાર |
| દ્વાપરયુગના | ૮,૬૪,૦૦૦ | આઠલાખ ચોસઠ હજાર |
| કળિયુગના | ૪,૩૨,૦૦૦ | ચારલાખ બત્રીસ હજાર |
| એક ચોકડીના | ૪૩,૨૦,૦૦૦ | તેતાળીસલાખ વીસ હજાર |

બ્રહ્માજીના એક દિવસમાં એક હજાર ચોકડી થાય છે. (૪૩,૨૦,૦૦૦ x ૧૦૦૦ = ૪,૩૨,૦૦,૦૦,૦૦૦) ચાર અબજ બત્રીસ કરોડ વર્ષ. તે બ્રહ્માજીના એક દિવસમાં ૧૪ મનુ અને ૧૪ ઈન્દ્ર તે તુલ્ય રાજ્ય કરીને નાશ પામે છે.

| આપણા વર્ષ | | બ્રહ્માજીના | | |
|---|---|---|---|---|
| ૬૬૬ વર્ષ ૮ માસ | = | બ્રહ્માજીનો એક લવ | | |
| ૪૦,૦૦૦ વર્ષ | = | બ્રહ્માજીના ૬૦ લવ | = | ૧ નિમિષ |
| ૨૪,૦૦,૦૦૦ વર્ષ | = | બ્રહ્માજીના ૬૦ નિમિષ | = | ૧ પળ |
| ૧૪,૪૦,૦૦,૦૦૦ વર્ષ | = | બ્રહ્માજીના ૬૦ પળ | = | ૧ ઘડી |
| ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષ | = | બ્રહ્માજીના ૬૦ ઘડી | = | ૧ દિવસ |

બ્રહ્માજીનો જેવડો દિવસ તેવડી રાત્રી છે. એક ઈન્દ્ર અને એક મનુ આ બ્રહ્માંડને વિષે ત્રીસ કરોડ પંચાસી લાખ ઈકોતેર હજાર ચારસો અઠ્ઠાવીસ વર્ષ (૩૦,૮૫,૭૧,૪૨૮) રહે છે. આમ, બ્રહ્માજીના એક દિવસમાં ૧૪ ઈન્દ્ર અને ૧૪ મનુ પ્રગટ થાય છે. રાજ્ય કરે છે અને નાશ પામે છે.

# ચાર પ્રકારના પ્રલય

**૧. નિત્ય પ્રલય** :- બ્રહ્માજીના લવ, નિમિષ આદિક સર્વે દિવસમાં જીવ દેહ પામીને મૂકે છે (જન્મ ધરે છે અને મૃત્યુ છે), તેને નિત્ય પ્રલય કહે છે.

**૨. નિમિત્ત પ્રલય** :- બ્રહ્માનો જેવડો દિવસ છે એવડીજ રાત્રી છે. બ્રહ્માનો દિવસ પુરો થાય છે પછી તેની રાત્રીમાં બ્રહ્મા સૂવે છે. બ્રહ્માની રાત્રીમાં (સ્વર્ગથી પાતાળ સુધીના દસ લોક) ત્રિલોકીનો નાશ થાય છે. તે આપણા ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ વર્ષ થાય છે. ત્યારે બ્રહ્માની અહોરાત્રી (રાત્રી અને દિવસ) થાય છે. તે દિવસ દિવસ પ્રતિ નાશ થાય છે. દિવસાંતર (બીજા દિવસે) પાછુ કરે છે ને નાશ પામે છે. તેનું નામ નિમિત્ત પ્રલય કહે છે.

**૩. પ્રાકૃત પ્રલય** :- પ્રાકૃત પ્રલયમાં બ્રહ્માના એક દિવસની (રાત્રી-દિવસનો ૧ દિવસ) અવધિ કહી તેવા ત્રીસ દિવસનો એક મહિનો એવા બાર મહિનાનું ૧ વર્ષ એવા ૧૦૦ વર્ષ બ્રહ્માજી દેહ રાખે છે. તે બ્રહ્માજી દેહ મૂકે ત્યારે ચૌદ લોક સહિત સમગ્ર બ્રહ્માંડનો નાશ થાય છે. ત્યારે પ્રકૃતિ (માયા) માંથી ઉપજ્યું જે સર્વ કારજ (ચેતન-અચેતન પ્રધાનપુરુષ, મહતત્વ, અહંકાર, ચૌદ ઈન્દ્રીયોના દેવતા, ચાર અંતઃકરણ, દસ ઈન્દ્રીયો, દસ પ્રાણ, પંચભૂત, પંચમાત્રા અને ત્રણ ગુણ) એકાવન ભૂતનું ટોળુ તથા આવરણાદિક પદાર્થ માત્ર તે પ્રકૃતિમાં લય પામે છે, તેને પ્રાકૃત પ્રલય કહે છે.

**૪. આત્યંતિક પ્રલય** :- ચોથો આત્યંતિક (જ્ઞાન) પ્રલય થાય છે. ત્યારે તો અનંતકોટી બ્રહ્માંડોનો નાશ થાય છે. તે દિવસ તો પ્રધાનપુરુષનું કારણ જે પ્રકૃતિ અને પુરુષ તે પોતાને વિષે અનંત બ્રહ્માંડોને સૂક્ષ્મ રીતે પોતામાં પ્રતિલોમપણે સમાવી પોતે અક્ષરધામના તેજમાં લીન થાય છે, તેને આત્યંતિક પ્રલય કહે છે. આવો પ્રલય જોકે થતો નથી પણ થાય ત્યારે એક ભગવાન, ભગવાનના મુક્ત અને અક્ષરધામ એટલુજ રહે છે.

આ બધુ પ્રલય કાળે પ્રતિલોમ (લીન) થાય છે તેમ ઉત્પતિ કાળે અનુક્રમે તેથી (તે તે થકી) અનુલોમ જ ઉપજે છે.

# મનુષ્ય દેહને ફરીથી પામવાનો વિલંબ

બ્રહ્માજીના આયુષ્યની અવધિનો જે પ્રાકૃત પ્રલય કહ્યો એવા સાડા ત્રણ કરોડ પ્રાકૃત પ્રલય થાય છે ત્યારે જીવને મનુષ્યનો દેહ પ્રાપ્ત થાય છે. આવો મોઘો અને અતિ દુર્લભ મનુય દેહ પામીને જીવે ખોટા નાશવંત-માયિક દુઃખકારક સુખમાં રાચીને હારવો(ખોવો) નહિ. જીવ યમયાતનાને, નરકકુંડને તથા લખચોરાસી જાતના જે દેહ તેના દુઃખને ભોગવીને પાછો સાડા ત્રણ કરોડ પ્રાકૃત પ્રલય થશે ત્યારે ફરીને મોક્ષક્ષેત્રમાં આવો મનુષ્ય દેહ પામે છે. આમ આટલો મનુષ્ય દેહને પામવાનો વિલંબ છે.

માટે હે ભાઈ! સુઝે તો આજ સમજીને મોક્ષના દાતા જે સદ્‌ગુરુ સંતનો આશ્રય કરીને એમની આજ્ઞામાં પોતાનો દેહ, ઈન્દ્રીઓ અને અંતઃકરણને વર્તાવીને પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામમાં પહોચો અને જો આ વાત આજ નહી સમજો ને આવો દુર્લભ મનુષ્ય દેહ જે મોક્ષના સાધનનું ધામ છે તે ખોઈ નાખશો. અને ફરી આવો જોગ મળ્યાનો વિલંબ તે ઉપર જણાવ્યા પમાણે લખ્યો એટલો છે.

જ્યારે જ્યારે આ વાત વિચારશો અને સમજુ થઈને આ અમલમાં મૂકશો તો જીવનો મોક્ષ થશે અને નહિ વિચારો તો જીવનો મોક્ષ થાશે નહિ તે સિધ્ધંત વાત છે.